## સંક્ષિપ્ત સમાચાર

### પ્રાંતિજના અમીનપુરા માર્ગ પર ખડચિત્રો સાપ દેખાતા નાસભાગ

પ્રાંતિજ અમીનપુર રોડ ઉપર આવેલ ખેતર નજીક અજગર જેવો દેખાતો વિકૃત જાતિનો ખડચિત્રો સાપ દેખાતા આજુબાજુના ખેતરોના સ્થાનિકોમાં નાસ ભાગ મચી જવા પામી હતી. જયારે એક યુવાનની મદદથી વન વિભાગની ટીમ દ્વારા સાપને પકડીને જંગલમાં છોડવામાં આવ્યો હતો. પ્રાંતિજ અમીનપુરા પાસે આવેલ એક ખેતરમાં અજગર જેવો વિકૃત જાતનો ખડચિત્રો દેખાતા આજુબાજુના લોકોમાં ભય જોવા મળ્યો હતો અને નાશભાગ મચી જવા પામી હતી જયારે એક યુવાન ઈશ્વરસિંહ બાલુસિંહ રાઠોડે હિંમત કરી દોરી બાંધી પકડી રાખ્યો હતો જયારે વન વિભાગને જાણ કરતાં વન વિભાગના વન અધિકારી કે.પી. પટેલ તાત્કાલિક સ્થળ ઉપર ટીમ સાથે દોડી આવ્યા હતા અને લોકોને આની જાણકારી આપી હતી. સ્થાનિક યુવાનની મદદથી પ્લાસ્ટિકની થેલીમાં પકડીને તેને જંગલમાં છોડી દેવામાં આવ્યો હતો.

### મલાસા ગામનું ગૌરવ

ભિલોડા નજીકના મલાસા ગામના કુ.પ્રણાલી કિરીટભાઈ પરમારે ઉત્તર ગુજરાત યુનિ., પાટણમાં હિન્દી વિષય સાથે એમ.એ. સેમેસ્ટર-૪ માં ૭૪.૬



ટકા મેળવી સમગ્ર ઉત્તર ગુજરાત યુનિ.માં ત્રીજુ સ્થાન મેળવી અરવલ્લી જીલ્લા, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઈડર તેમજ મલાસા ગામનુંગૌરવ વધારેલ છે. બેંક ઓફ બરોડા રીજીયોનલ ઓફીસ મહેસાણા તરફથી હિંદી દિવસ પર ૧૭ જીન્યુઆરીના રોજ પુરસ્કાર આપી તેમનું સન્માન કરાયું હતું.

### દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને સંકલન સહિત વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ

પાલનપુર મુકામે કલેક્ટર શ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ તથા નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા સહિત કાયદો અને વ્યવસ્થા સમિતિની બેઠક યોજાઈ હતી. સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ગુણોત્સવ પ્રસંગે ભરાયેલ એ ટુ ઝેડ ફોર્મની માહિતી અંગે હકારાત્મક કામગીરી કરવા, સાંસદ આદર્શ ગ્રામ યોજનામાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીના દત્તક ગામ પાંથાવાડા અને સંસદસભ્યશ્રી દિલીપભાઈ પંડ્યાના દત્તક ગામ પસવાદળ ગામમાં ખૂટતા વિકાસના કામો તાકીદે પૂર્ણ કરવા અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. આગામી તા. ૨૦થી ગ્રામસભાઓ શરૂ થવાની છે ત્યારે આ ગ્રામસભાઓમાં લોકો પુરતી સંખ્યામાં આવે અને તેઓ વિકાસ પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું. બેઠકમાં રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના પ્રશ્નોનો નિકાલ, તાલુકા જિલ્લા સ્વાગત પ્રશ્નો, નાગરિક અધિકાર પત્રની બાકી અરજીઓનો નિકાલ કરવો, સરકારશ્રીના બાકી લેણાંની વસુલાત, તકેદારી પંચની અરજીઓ, ખાતાકીય તપાસના બાકી કેસોનો નિકાલ, ઓડીટ પારા, પેન્શન કેસો વગેરેની ચર્ચા કરવામાં આવી હતી.

## બાયડના સીમલીયા ઝેરી કેમીકલ પ્રોજેક્ટમાં ખેડૂતોનો વિરોધ છતાં

# ટેન્કર ઝેરી કેમીકલ ઠાલવવા આવતા ગ્રામજનો દોડી આવ્યા : ટેન્કરચાલક ફરાર

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના તથા મહીસાગર જિલ્લાની સરહદ પર આવેલા સેમલીય અને રણજીતપુરા કંપા સહિતના વિસ્તારોની અંદાજીત ૧૫૦ વિઘા જમીનમાં જોખમી કચરા અને ઝેરી કેમીકલના નિકાલ માટેનો પ્લાન્ટ સ્થપાતા બાયડ તથા મહીસાગર જિલ્લાના ૪૫થી વધુ ગામોની જનતામાં પ્રચંડ જનઆક્રોશ ફાટી નિકળ્યો હતો અને ઝેરી કેમીકલના પ્લાન્ટથી ૪૫ થી વધુ ગામોના લોકોની જીંદગી અને જમીન સાથે પશુઓ માટે ઘાતકરૂપ સાબીત થવાના એંધાણ આવી જતા આજુબાજુના ગામડાઓમાં ૧૦ જાન્યુઆરીએ સજ્જડ બંધ પાડી વિરોધ દર્શાવામાં આવ્યો હતો તેમ છતાં મંગળવારે વહેલી સવારે એક ટેન્કર ઝેરી કેમીકલ ઠાલવા આવી ચડતા આ અંગે ખેડૂતો અને ગામલોકોને જાણ થતા પ્રોજેક્ટ સ્થળે ઘસી જતા ઝેરી કેમીકલ ઠાલવવા આવેલો ટેન્કર ચાલક ટેન્કર ઘટનાસ્થળે છોડી ફરાર





થઈ ગયો હતો.

બાયડ તાલુકાના સેમલીયા અને મહિસાગર જિલ્લાના રણજીતપુરા કંપા વિસ્તારની ૧૫૦ વિઘા જમીનમાં જોખમી કચરાના નિકાલ માટેનો પ્લાન્ટ સ્થપાતા જાગેલા વિરોધ વંટોળ પછી અરવલ્લી જિલ્લાના ખેડૂતોની લોક સુનવણી જિલ્લા કલેકટરની ઉપસ્થિતિમાં સ્થળ પર યોજાતા ખેડૂતોએ પર્યાવરણ બચાવો, અમારી જમીન રહેવા દો... તેવા આક્રોશ સાથે નારા પોકારાતા સમયમર્યાદાની અરજી સંદર્ભે ભંગ થયાનુ બહાર આવતા જિલ્લા કલેક્ટર લોક સુનવણી મોકુફ રાખી રવાના થઈ ગયા હતા. જનઆક્રોશ કાબુ રાખવા સુનવણી સમયે બન્ને જિલ્લાના બે ડીવાયએસપી, ૧૨ પીએસઆી સહિત ૩૦૦ પોલીસ જવાનોનો કાફલો ખડકવામાં આવ્યો હતો. તેમજ જોખમી કચરાના નિકાલ માટે પ્લાન્ટ ઉભો કરવા સરપંચોની ખોટા-સહી સિક્કાવાળા લેટરપેડનો ઉપયોગ કરી બન્ને જિલ્લાના અંતરિયાળ વિસ્તારોની જમીન ખરીદ્યા પછી કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વનમંત્રાલયની મહેરબાનીથી મે. ધી ગ્રીન એન્વાયરમેન્ટ સર્વિસ કો.ઓ. સોસાયટી લિ. એ ઝેરી કેમીકલનો પ્રોજેક્ટ સ્થપાતા ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ત્યારે કંપનીએ લોકોનો રોષ ભભુકી ઉઠેલો જોઈ ઝેરી કેમીકલ ઠાલવવાનુ મુલત્વી રાખ્યુ હતુ. પરંતુ મંગળવારે વહેલી સવારે એક ખાનગી ટેન્કર દ્વારા પ્રોજેક્ટની જગ્યાએ ઝેરી કેમીકલ ઠાલવામાં આવ્યુ હોવાની જાણ આજુબાજુના ગામલોકોને થતા તાબડતોડ ગામલોકો દોડી આવતા ઝેરી કેમીકલ ઠાલવવા આવેલા ટેન્કરનો ચાલક લોકોનો આક્રોશ જોઈને ફરાર થઈ ગયો હતો.

અરવલ્લી જિલ્લા અને મહીસાગર જિલ્લાના પ્રજાજનોમાં ઝેરી કેમીકલ ઠાલવવા બનાવેલા પ્રોજેક્ટમાં રાજ્યના કે પછી દેશના કોઈ મોટા ગજાના રાજકારણીની રહેમનજર હેઠળ કે પછી ભાગીદારીથી સ્થાપવામાં આવ્યો હોવાનુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સેમલીયા અને રણજીતપુરા કંપા જિલ્લાના લોકોના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ બંધ નહિ કરવામાં આવે તો આમરણાંત ઉપવાસ કરવાની સાથે જાન ખોવાનો વારો આવે તો પણ કોઈ પણ ભોગે આ પ્લાન્ટ આ વિસ્તારમાં શરૂ નહિ કરવા દેવામાં આવે અને ભાવિ પેઢીને ઝેરી કેમીકલનો ભોગ નહિ બનવા દેવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# શિવનગર ગામે કુટુંબી ભાઈની હત્યા કરનાર પિતા-પુત્રને આજીવન કેદ

દિયોદર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના શિવનગર ગામે ત્રણ વર્ષ અગાઉ જમીનની અદાવત રાખી કુટુંબી ભાઈની હત્યા કરનાર પિતા-પુત્રને દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટે આજીવન કેદ અને ૫૭૦૦ રૂપિયાનો દંડ ખુલ્લી અદાલતમાં સંભળાવ્યો હતો.

જાણવા મળતી માહિતી મુજબ થરાદ તાલુકાના શિવનગર ગામે રહેતા કાજાભાઈ દલીતને તેમના પરિવાર પ્રભુભાઈ કાજાભાઈ દલીત, શીમાબેન પ્રભુભાઈ દલીત, વિરૂબેન મગનભાઈ દલીત સાથે ઘરે હતા તે સમય તેમના કુટુંબીભાઈ ગમનભાઈ દાસાભાઈ દલીત, વેલાભાઈ ગમનભાઈ દલીત લોખંડની પાઈપ લઈ આવી જમીનની અદાવત રાખી કાજાભાઈ દલીત ઉપર હૂમલો કર્યો હતો.. જેમાં ઘટનાસ્થળે કાજાભાઈનું મોત નિપજ્યું હતું. જ્યારે બે આરોપીએ અન્ય ત્રણ જણ ઉપર હૂમલો કરતા ભારે ઈજા પહોંચતા સારવાર અર્થે થરાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જે બાબતે મરનારનો પુત્ર મગનભાઈ કાજાભાઈ દલીત થરાદ પોલીસ મથક આરોપી ગમનભાઈ દાસાભાઈ દલીત (પિતા), વેલાભાઈ ગમનભાઈ દલીત વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે આરોપી સામે હત્યાનો ગુન્હો નોંધી આરોપીને ઝડપી પાડ્યા હતા. જે કેસ આજે દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટ જજ વી.કે. પુજારા સમક્ષ ચાલતા અને સરકારી વકિલ ડી.વી. ઠાકોરે ધારદાર દલીલો કરતા હત્યારા આરોપી પિતા-પુત્રને હત્યા કેસમાં આજીવન કેદ અને ૫૭૦૦ રૂપિયાનો દંડ ખુલ્લી અદાલતમાં સંભળાવ્યો હતો.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ડી.એસ.ઓ. હર્ષાબેન ઠાકોર, સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, આર.જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય ટી.કે.પરમાર, આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ વિદ્યાશાખાના આચાર્યો, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ સાયન્સ વિભાગમાં ભિલોડા સેન્ટરમાં સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીઓએ વિરાટ સિધ્ધિ હાંસલ કરતાં ટેબ્લેટ આપી સન્માન કરાયું હતું.



## મોડાસામાં પોલીસ પરેડનું આયોજન

ગાંધીનગર રેંજ આઈજી હસમુખ પટેલે આજે અરવલ્લી જિલ્લાના મોડાસાની મુલાકાત લીધી હતી. જ્યાં તેમને જિલ્લા પોલીસની પરેડનું નિદર્શન કર્યુ હતુ. જિલ્લાના મોડાસા, ધનસુરા, બાયડ, શામળાજી, મેઘરજ, માલપુર અને ભિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓએ આપાતકાલીન સમયમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનું રેંજ આઈજી સમક્ષ મોક ડ્રીલ દ્વારા રજૂઆત કરી હતી. પોલીસને આપેલા હથીયારો જેવા કે રાઈફલ, લાઠી, ટીઅર ગેસ અને અન્ય હથિયારો કઈ રીતે વાપરવામાં આવે છે, જરૂરિયાત સમયે હથિયારોનો યોગ્ય ઉપયોગ કરવાનો હોય તેવી પરિસ્થિતિ બનાવી પોલીસ દ્વારા મોક ડ્રીલ યોજાઈ હતી. જેમાં પોલીસ ઉપર અમુક વાર પથ્થરમારો કરવામાં આવતો હોય છે ત્યારે પોલીસ પહેલા વરૂણ દ્વારા પાણીનો મારો કરીને ટોળાને વિખેરવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય છે અને જો એનાથી પણ ટોળુ કંટ્રોલમાં ના આવે તો ટીયર ગેસ અને લાઠીચાર્જ કરવામાં આવતો હોય છે. તો ચેકપોસ્ટ ઉપરની નાકાબંધીનું પણ ડેમો કરવામાં આવ્યું હતું.

# નેત્રામલી પ્રાથમિક શાળાનો વિવાદ ફરી વકર્યો વાલીઓએ બાળકોને શાળામાં ન મોકલ્યા

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ વિભાગનો જાણે કે માઠો સમય ચાલતો હોય તેમ લાગી રહ્યું છે. પ્રાંતિજ તાલુકાના તાજપુર પ્રાથમિક શાળાનો વિવાદ માંડ સોમવારે શમ્યો છે ત્યારે આ જ દિવસે ફરીથી ઈડર તાલુકાના નેત્રામલી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકાની બદલીનો લઈને વાલીઓએ પોતાના બાળકોને શાળામાં ન મોકલતા તંત્ર દોડતુ થયું છે. જો કે અગમચેતીના ભાગરૂપે નેત્રામલી ગામે પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

આ અંગે ગામના અગ્રણી નિલેષભાઈ પટેલ તથા અન્ય ગ્રામજનોના જણાવાયા મુજબ નેત્રામલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા રાજુલાબેન દિક્ષિતની બદલી થોડા દિવસ અગાઉ ખેડબ્રહ્મા તાલુકામાં કરી દેવાઈ હતી. તો બીજી તરફ ગમે તે કારણસર રાજુલાબેનની બદલી ફરીથી ઈડરમાં કરી દેવાઈ છે. જેના કારણે ગ્રામજનો રોષે ભરાયા છે.

તેના ભાગરૂપે ગ્રામજનોએ સોમવારે પોતાના બાળકોને શાળામાં મોકલવાનું બંધ કરી દીધુ હતુ. જેથી શાળા પરિસર સુનુ ભાસતુ હતું. ઉપરાંત શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પણ કામ વગર બેસી રહ્યા હતા. બીજી તરફ તંત્ર દ્વારા ગામમાં પોલીસનો કાફલો ઉતારી દેવાયો હતો. જેથી ગ્રામજનો વધુ રોષે ભરાયા છે.


ગ્રામજનોનું કહેવું છે કે જે શિક્ષિકાની બદલી ખેડબ્રહ્મા તાલુકામાં કરી દેવાઈ હતી તે શિક્ષિકાની ફરીથી કોના દબાણને વશ થઈને બદલી કરવામાં આવી છે તે અંગે તંત્રએ ગ્રામજનોને ખુલાસો કરવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે નેત્રામલી પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮ના વર્ગોમાં ૬ શિક્ષકો ફરજ બજાવે છે. જેમાં ૩ મહિલા અને ૩ પુરૂષ છે, જયારે આ ૮ ધોરણની શાળામાં ૧૫૮ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે.

# વ્યસન મુકત બની આગામી સમય ગુજરાતમાં ઠાકોર રાજ કરશે : અલ્પેશજી

## કાંકરેજના આકોલી ગામે વ્યસનમુકિત માટે મહાસભા યોજાઈ

દિયોદર, તા.૧૯

ગુજરાત ક્ષત્રિય સેના દ્વારા સમગ્ર ગુજરાતમાં ઠાકોર સમાજને વ્યસન મુકત બનાવવા માટે આયોજન ચાલી રહ્યું છે. ઠેર ઠેર તાલુકા-શહેરો અને ગામડામાં બેઠકો યોજી દરેક ગામને વ્યસન મુકત બનાવવામાં આવી રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના કાંકેરજ તાલુકાના આકોલી ગામે ગુજરાત રાજય ક્ષત્રિય સેનાના પ્રમુખ અલ્પેશજી ઠાકોર અને ફિલ્મ કલાકાર જગદીશ ઠાકોરની ઉપસ્થિતિમાં મહાસભા યોજાઈ હતી. જેમાં દસ હજારથી વધુ ઠાકોર સમાજના ભાઈ-બહેનો ઉમટી પડયા હતા. સભાને સંબોધીત કરતા ગુજરાત ક્ષત્રિય સેનાના પ્રમુખ અલ્પેશજી ઠાકોરે જણાવેલ કે ક્ષત્રિય સેનાની ટીમે આખા ગુજરાતમાંથી દરેક ગામડા હોય કે શહેરને વ્યસન મુકત બનાવવાનું બીડુ ઝડપ્યું છે અત્યારે બનાસકાંઠા જિલ્લામાં ૪૦૦થી વધારે ગામ વ્યસન મુકત બન્યા છે અને ૧૫૦ જેટલા ગામોમાં શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. દરેક ભાઈ બહેનોએ ગુટકા-તમાકુ-દારૂને દેશવટો આપવો જોઈએ. આગામી ૨૬મી જાન્યુઆરીએ અમદાવાદ ખાતે વ્યસન મુકિત માટે યોજાનારી મહાસભામાં દસ લાખથી વધુ ઠાકોર ભાઈ બહેનો જોડાશે અને ઈતિહાસ રચશે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના નવા ભવનાથ ગામે રહેતા સેવકરામ પેરૂમલ મીઠાણી, ઉં.વર્ષ-૬૯,મુળ રહેવાસી.સિંધ પ્રાંતના જેઓ છેલ્લા ૪૦ વર્ષ અગાઉ ભિલોડામાં આવી વસવાટ કરી મશીન રીપેરીંગનું કામકાજ ચાલું કર્યુ પણ છેલ્લા ૧૦ વર્ષની અંદર શરીરનો વજન દિન-પ્રતિ-દિન વધતો ગયો.આજે તેઓનું વજન ૧૫૫ કિલો જેટલું થઈ ગયું છે. કોઈ જગાએ જવાતું નથી અને મહા મુસીબતે લાકડીના સહારે ટોયલેટ સુધી માંડમાંડ જઈ શકે છે. પરીવારમાં ત્રણ પુત્રો અને એક પુત્રી છે. શરીરનું વજન ઘટાડવા ઘણા વૈદોની દવા લીધી છતાં વજન ઘટતું નથી. ખાવામાં ફકત બે રોટલી અને શાક જ જમે છે.




## પ્રાંતિજની ચિત્રિણી નર્સીંગ કોલેજમાં શપથવિધિ અને ફ્રેશર પાર્ટી યોજાઈ

પ્રાંતિજ રેલવેસ્ટેશન જુના બાકલપુર પાસે આવેલા જ્ઞાનયોગ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટસંચાલિત સંસ્થાઓ પૈકી ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે આવેલા કેમ્પસમાં ઓથ ટેકીંગ સેરેમની શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં નર્સીંગ પ્રવેશ બાદ કોલેજના વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે નર્સીંગ કોલેજના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓનો સેરેમની શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, વી.જી. વણઝારા સંયુક્ત સચિવાલય વિભાગ ગાંધીનગર, ડૉ. જયંતિ એમ. ઉપાધ્યાય સિવિલ સર્જન હિંમતનગર, મેનેજિંગ ટ્રસ્ટી એ.કે. પટેલ, દિપકભાઈ સી. મહેતા, એમ.જે. ફેડરેશન, કોલેજ સંચાલક-નૃપાંશ એ. પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જ્યારે આવનાર મહેમાનોનું પુષ્પકુંજ તથા શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે આવેલ મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને કેન્ડલ સેરેમની સપથ લેવડાવવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓએ શપથ લઈને નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરવાના શપથ લીધા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યાજખોરોના ત્રાસથી દવા પી લેનાર ઈડરના શખ્સનું સારવાર દરમિયાન મોત

ઈડર તાલુકામાં નાણાંનો ધીરધાર કરનાર ખાનગી ફાયનાન્સરો જરૂરિયાતમંદોની મજબુરીનો લાભ લઈને ઉંચા વ્યાજે નાણાં આપીને તેની વસુલાત માટે ઘણી વખત થર્ડ ડીગ્રીની પદ્ધતિ અપનાવે છે. ત્યારે વ્યાજે નાણાં લેનાર તેમના ત્રાસથી જીવન ટુંકાવી નાખે છે. દરમિયાન ઈડરના મોટા કસ્બામાં રહેતા એક શખ્સે છ ફાયનાન્સરો પાસેથી વ્યાજે નાણાં લીધા બાદ તે પૈકી કેટલાક નાણાં પરત આપ્યા હતા. તેમ છતાં વ્યાજખોરો પૈકી ત્રણ જણાએ તેનું વાહન અને મકાનનો વેચાણ દસ્તાવેજ કરી લેતા નાસીપાસ થયેલા આ શખ્સે શનિવારે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ત્યારબાદ તેનું રવિવારે રાત્રે અમદાવાદ ખાતે સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.

### બડોલીમાંથી ૪૦ હજારના ચાર બકરા ચોરાયા

ઈડર તાલુકાના બડોલી ગામમાં વડિયાવીર રોડ ઉપર આવેલ ચામુંડાનગરમાં રહેતા વણઝારા ઈશ્વરજી જોઈતાજીના ઘર આગળ બાંધેલ બકરાઓને અજાણ્યા શખ્સ રવિવારે રાત્રે ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ઈશ્વજી વણઝારાએ બડોલી આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ચામુંડાનગરમાં રહેતા વણઝારા ઈશ્વરજી જોઈતાજીના ઘર આગળ બાંધેલા ત્રણ બકરી અને એક બકરાને કોઈ અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા છે. પાંચ દિવસના લવારા બે અને એક માસના બે છોડીને લઈ ગયા હતા. તેમજ ગામમાં રહેતા એક ભરથરીના પણ બે બકરા ચોરાયા હતા.

### સુનોખની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

શામળાજી નજીક આવેલા સુનોખ ગામની એક સગીરાનું ગામના જ એક યુવાને લગ્ન કરાવાના ઈરાદે ગત શનિવારે અપહરણ કર્યુ હતુ. બનાવ અંગે સગીરાની માતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે યુવક સામે અપહરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શામળાજી પોલીસના જણાવ્યા પ્રમાણે ભિલોડા તાલુકાના સુનોખ ગામે રહેતા નૈનાબેન દશરથભાઈ ગામેતીની પુત્રી જીન્કલબેનનું ગામમાં રહેતા વિમલભાઈ ભરતભાઈ કટારાનાએ લગ્ન કરવાના ઈરાદે બાઈક ઉપર બેસાડી લઈ જઈ ગત શનિવારે અપહરણ કરાયું હતું. સોમવારે સગીરાની માતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં આ જાણ કરતા પોલીસે વિમલભાઈ ભરતભાઈ કટારા સામે અપહરણનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગંભીરપુરાની સીમમાં બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલકનું મોત

ઈડર તાલુકાના ગંભીરપુરા ગામની સીમમાંથી તા. ૧૫ જાન્યુઆરીએ બાઈક નં. જીજે.૯.સીસી.૩૬૦૪ લઈને જઈ રહેલા રમેશભાઈ ખેમાભાઈ તિરગરના બાઈક આગળ અચાનક કુતરૂ આવી જતા તેમણે બાઈકને જોરદાર બ્રેક મારી હતી. બાઈક ડીવાઈડર સાથે અથડાતા તેઓ જમીન પર પટકાયા હતા. ગંભીર ઈજા થતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. શંકરભાઈ ખેમાભાઈ તિરગરે રવિવારે બાઈકચાલક વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.